પેજ 3

પેરિસ ફેશન વીકમાં ઐશ્વર્યા રાયનો રોયલ લૂક

પેરિસ, તા. 29: બોલિવૂડ સ્ટાર ઐશ્વર્યા રાય બચ્ચને સોમવારે પેરિસ ફેશન વીક 2026માં રેમ્પ વોક કર્યું હતું. એફિલ ટાવરના બેકગ્રાઉન્ડમાં તેનો રોયલ લુક ચર્ચામાં રહ્યો હતો. ઐશ્વર્યા સાથે ઇન્ટરનેશનલ સ્ટાર્સ સિમોન એશલી, સેલીન ડીઓન, ઈવા લોંગોરિયા અને કેન્ડલ જેનરે પણ વોક કર્યું હતું. ઐશ્વર્યાએ યારા શૂમેકરનો શાનદાર વેલ્વેટ આઉટફિટ પહેર્યો હતો. ઐશ્વર્યાએ વેલ્વેટ ડ્રેસ સાથે ડાયમંડ ક્રાઉન પહેર્યો હતો. મંચ પર વોક કરતી વખતે ઐશ્વર્યાએ નમસ્તે કર્યું છે. ઐશ્વર્યાએ કેન્ડલ જેનર અને અન્ય ઇન્ટરનેશનલ સેલેબ્સ સાથે મંચ શેર કર્યો હતો. બંને લૌરિયલની બ્રાન્ડ-એમ્બેસેડર છે.

આઇફા અવોર્ડ્સ 2027: સલમાન, શાહિદ, કરીના પર્ફોર્મ કરશે

અબુ ધાબી, તા. 29: આ મહિનાની શરૂઆતમાં ઇન્ટરનેશનલ ઇન્ડિયન ફિલ્મ એકેડમી (આઇફા)એ જાહેરાત કરી હતી કે, તેની 27મી આવૃત્તિ જાન્યુઆરી 2027માં અબુ ધાબીના યાસ આઇલેન્ડ ખાતે યોજાશે. આ વર્ષે આઇફા હોસ્ટ અને પર્ફોર્મર્સની સ્ટાર-સ્ટડેડ લાઇન-અપ સાથે વધુ મોટું લક્ષ્ય રાખી રહ્યું છે. જ્યાં વરુણ ધવન અને પંકજ ત્રિપાઠી હોસ્ટ તરીકે ડેબ્યૂ કરશે, જ્યારે સલમાન ખાન, શાહિદ કપૂર, કરીના કપૂર આ ઇવેન્ટમાં પર્ફોર્મ કરવા માટે તૈયાર છે. દર વર્ષે આઇફા બે દિવસ સુધી સૌથી મોટી બોલિવૂડ હસ્તીઓ માટે તેની ગ્રીન કાર્પેટ પાથરે છે. આ વર્ષે આઇફા ડિજિટલ અવોર્ડ્સ 22 જાન્યુઆરીએ યોજાશે અને મુખ્ય અવોર્ડ સમારોહ 23 જાન્યુઆરીએ યાસ આઇલેન્ડ પર આવેલા ઇતિહાદ એરેના ખાતે યોજાશે.

જુબિન નૌટિયાલ પિતા બન્યો, લગ્નના 6 મહિનામાં જ પુત્રનો જન્મ!

મુંબઈ, તા. 29: ગાયક જુબિન નૌટિયાલ જેટલો પોતાના રૂહાની અવાજને લઈને ચર્ચામાં રહે છે, તેટલું જ તે પોતાની પર્સનલ લાઇફને દરેકથી છુપાવીને રાખે છે. હવે જુબિન નૌટિયાલે પોતાના ફેન્સ સાથે ગુડ ન્યૂઝ શેર કર્યા છે અને પુત્રના જન્મની જાહેરાત કરી છે. જુબિન નૌટિયાલ પિતા બની ગયો છે અને તેમની પત્નીએ પુત્રને જન્મ આપ્યો છે. એક ઇન્ટરવ્યુમાં જુબિન નૌટિયાલે પોતાની ખુશી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું, ''હા, હું હવે પિતા બની ગયો છું. અમારા પુત્રનો જન્મ 14 સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થીના ખૂબ જ શુભ દિવસે થયો હતો. માતા અને બાળક બંને ઘરે પાછા આવી ગયા છે અને સ્વસ્થ છે.'' દરમિયાન ઘણા લોકો હજી પણ એ સવાલ કરી રહ્યા છે કે આખરે જુબિન નૌટિયાલની પત્ની કોણ છે?

યુગાન્ડાની પરંપરાગત રાજાશાહીમાં એક ટીવી પત્રકારને માથે રાજાનો તાજ

જો કે અહીં રાજા નામ માત્રના હોય છે, વહીવટમાં તેમનો કોઇ અવાજ હોતો નથી

કંપાલા (યુગાન્ડા), તા. ૨૯(એપી): યુગાન્ડાના તોરો સામ્રાજ્યમાં ગત મહિને તેમના ભૂતપૂર્વ "બાળ રાજા"નું અવસાન થતાં વ્યાપક શોક અને ઉત્તરાધિકારનો વિવાદ સર્જાયો હતો. આ જ પરંપરાગત રાજશાહીના નવા રાજા તરીકે મંગળવારે એક પત્રકારનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો હતો.

આ પત્રકાર એક રાજકુમાર છે જેઓ યુગાન્ડા બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશનમાં લાંબા સમયથી બ્રોડકાસ્ટર અને એડિટર તરીકે કામ કરતા હતા. તેમણે 'એડવર્ડ રૂકિડી ન્યાબોન્ગો' નામ ધારણ કર્યું છે.

ગુમ થયેલ છે

સર્વે જનતાને જણાવવાનું કે બાજુમાં જણાવેલ કોટવાળા ભાઈ **હસમુખભાઈ છબીરદાસ ગોટલાવાલા** તા. ૧૫/૦૯/૨૦૨૬ ના રોજથી પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયેલ છે, જે આજ દિન સુધી પરત આવેલ નથી. સગા-સંબંધી તેમજ સંભવિત તમામ જગ્યાઓએ શોધખોળ કરવા છતાં તેમની કોઈ ભાળ મળેલ નથી. આ વ્યક્તિ વિશે કોઈપણ નાગરિકને માહિતી મળે અથવા કોઈ ભાળ મળે, તો નીચે આપેલા સરનામે અથવા મોબાઈલ નંબર પર તાત્કાલિક સંપર્ક કરવા નમ્ર વિનંતી છે.

બિનાક્ષીબેન હસમુખભાઈ ગોટલાવાલા
રહે. ઘર નં.૧૦, મીરા રો-હાઉસની બાજુમાં, સુરભી ડેરીની બાજુમાં, અડાજણ, સુરત.
મો.નં. ૭૨૦૧૦ ૬૪૧૭૦, ૯૮૨૫૬ ૪૭૦૧૭

રશિયામાં પરમાણુ સક્ષમ વિમાન ક્રેશ થતાં 6નાં મોત

મોસ્કો, તા. 29 રશિયાના દૂર પૂર્વના અમુર પ્રદેશમાં મંગળવારે પ્રશિક્ષણ ઉડાન દરમિયાન ટેકઓફ કર્યાની થોડી જ મિનિટો બાદ એક રશિયન બોમ્બર વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં કૂના 7માંથી 6 સભ્યોનાં મોત થયાં હતાં. એમ દેશના સંસરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, રશિયા આ પરમાણુ સક્ષમ બોમ્બર વિમાનનો ઉપયોગ નિયમિત લશ્કરી અભ્યાસો માટે કરે છે, જે કોઇપણ દારૂગોળા વગર ઊડી રહ્યું હતું,.

એક પુષ્ટિ વગરના વીડિયો ફૂટેજમાં ટીયુ-95એમએસ વ્યૂહાત્મક બોમ્બરને દુર્ઘટનાગ્રસ્ત થતાં બતાવવામાં આવ્યું છે જેમાં ઘટનાસ્થળેથી જ્વાળાઓ અને ધુમાડો ઊઠી રહ્યો છે જ્યારે પૃષ્ઠભૂમિમાં ધમાકાના અવાજો સાંભળી શકાતા હતા.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે,"29 સપ્ટેમ્બરના રોજ પ્રશિક્ષણ ઉડાન દરમિયાન અમુર પ્રદેશમાં એક ટીયુ-95 વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. વિમાન એક સૂમસામ વિસ્તારમાં તૂટી પડ્યું હતું."

આ દુર્ઘટનામાં કૂનો **એક** સભ્ય બચી ગયો હતો અને તેને તબીબી સુવિધામાં લઈ જવામાં આવ્યો હતો.

પાકિસ્તાનના એરસ્પેસ બેનથી 5,000 કરોડનું નુકસાન

ભારતે ચીન પાસે માગ્યો નવો ફ્લાઈટ રૂટ

પાકિસ્તાને ભારત માટે પોતાની હવાઇ સીમા બંધ જ રાખતા યુરોપ-અમેરિકા તરફ જતી ભારતીય ફ્લાઇટોએ ખૂબ લાંબો ચકરાવો લેવો પડે છે

ભારતીય એરલાઇન્સ માટે નવો વિકલ્પ: શિનજિયાંગ રૂટ પર મંથન

ચીન સાથે એક વર્ષથી વાતચીત ચાલી રહી છે પણ હજી કોઇ સમજૂતી થઇ નથી

નવી દિલ્હી, તા. ૨૯: પાકિસ્તાન દ્વારા ભારતીય એરલાઇન્સ માટે એરસ્પેસ પર બાન ચાલુ રાખવાને કારણે યુરોપ અને અમેરિકાની ફ્લાઇટ્સ લાંબી અને મોંઘી બની રહી છે. આ સ્થિતિ વચ્ચે ભારત, શિનજિયાંગ થઈને ભારતીય ફ્લાઇટ્સ પસાર કરવા અંગે ચીન સાથે વાતચીત કરી રહ્યું છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રસ્તાવિત રૂટ પશ્ચિમ ચીનમાં આવેલા હોતાન નજીકથી પસાર થશે. વિદેશ મંત્રાલય ચીનના અધિકારીઓ સાથે છેલ્લા લગભગ એક વર્ષથી આ શક્યતા અંગે ચર્ચા કરી રહ્યું છે, પરંતુ હજુ સુધી કોઈ સમજૂતી થઈ નથી. એપ્રિલ 2025માં થયેલા પહલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાને ભારતીય વિમાનો માટે પોતાનું એરસ્પેસ બંધ કરી દીધી હતી. ત્યારથી એરલાઈન્સે પશ્ચિમ તરફ જતી કેટલીક ફ્લાઇટ્સને અરબી સમુદ્ર પરથી ડાયવર્ટ કરવી પડી રહી છે, જેના કારણે ફ્લાઇટનો સમય, બળતણનો વપરાશ અને ક્રૂ મેમ્બર્સનો ખર્ચ વધી ગયો છે.

પાકિસ્તાને બાંગ્લાદેશ જઈ રહેલું ન્યુક્લિયર ફ્યુઅલ રોક્યું

રશિયન પ્લેનને એરસ્પેસ ન આપી, વીજળી સંકટ વચ્ચે પાવર પ્લાન્ટનું બળતણ ન પહોંચ્યું

ઢાકા/ઇસ્લામાબાદ, તા. 29: પાકિસ્તાને વીજળી સંકટનો સામનો કરી રહેલા બાંગ્લાદેશનું પરમાણુ બળતણ (ન્યુક્લિયર ફ્યુઅલ) પોતાના આકાશમાંથી પસાર થવા દીધું ન હતું. આ બળતણ રશિયન વિમાનમાં હતું, જેનો ઉપયોગ બાંગ્લાદેશના રૂપ્પુર પ્લાન્ટમાં થવાનો હતો.

મીડિયા અહેવાલો મુજબ, આ ઘટના 24 સપ્ટેમ્બરની છે. બાંગ્લાદેશ હાલ મોટા વીજળી સંકટ સામે ઝૂઝી રહ્યું છે. ઘણાં શહેરોમાં દરરોજ 10થી 16 કલાક વીજકાપ થઈ રહ્યો છે.

ઉત્તરાખંડના ઊંચા પર્વતો પર ફસાયેલા 27 ટ્રેકર્સને એરલિફ્ટ કરી બચાવાયા

ઉત્તરાખંડના વિવિધ ભાગોમાં વરસાદ, બરફવર્ષા અને ભૂસ્ખલન

દહેરાદૂન, તા. 29 (PTI): ખરાબ હવામાનની સ્થિતિને કારણે ફસાયેલા 27 ટ્રેકર્સને હેલિકોપ્ટરની મદદથી ઉત્તરાખંડના ઊંચાઈવાળા હિમાલયી વિસ્તારોમાંથી બચાવી લેવામાં આવ્યા છે. એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.

અગાઉ સોમવારે વિવિધ સ્થળોએ ફસાયેલા 40 લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા, જેથી બચાવવામાં આવેલા ટ્રેકર્સ અને પોર્ટર્સની સંખ્યા વધીને 67 થઈ ગઈ છે.

મંગળવારે સવારે હવામાન સાફ થયા પછી ઉત્તરકાશી જિલ્લામાં કાલિંદી ખાલ અને માઉન્ટ જોગિનમાંથી આઠ-આઠ લોકોને, જ્યારે રુદ્રપ્રયાગ જિલ્લાના વાસુકી તાલ ટ્રેક પરથી 11 લોકોને એરલિફ્ટ કરવામાં આવ્યા હતા.

તેમને હર્ષિલ હેલિપેડ પર લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને આરોગ્ય તપાસ માટે મોકલવામાં આવ્યા હતા અને દરેક વ્યક્તિનું સ્વાસ્થ્ય સામાન્ય હોવાનું જણાયું હતું.

ઉત્તરાખંડના વિવિધ ભાગોમાં વરસાદ, બરફવર્ષા અને ભૂસ્ખલનના અહેવાલો મળ્યા છે જેના કારણે ઘણા લોકો બરફથી ઢંકાયેલા પર્વતો પર તેમના ટ્રેકિંગ રૂટ પર ફસાઈ ગયા હતા.

૯ ટકા વિદ્યાર્થીઓને આપઘાતના વિચારો આવ્યા: સુપ્રીમ કોર્ટ ટાસ્ક ફોર્સનો સર્વે

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ૩૪ ટકા વિદ્યાર્થીઓ પોતાને અટૂલા અનુભવતા હતા: સર્વેક્ષણમાં બીજી પણ અનેક મહત્વની બાબતો બહાર આવી

નવી દિલ્હી, તા. ૨૯(PTI): ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના લગભગ ૧૫ ટકા વિદ્યાર્થીઓએ છેલ્લા છ મહિનામાં એક એવો સમય અનુભવ્યો હતો જ્યારે તેઓ પોતાને ખૂબ જ પરેશાન અથવા નાસીપાસ અનુભવતા હતા, જ્યારે નવ ટકા વિદ્યાર્થીઓએ આત્મહત્યાના વિચારો આવ્યા હોવાનું જણાવ્યું હતું. વિદ્યાર્થીઓની આત્મહત્યાના કિસ્સાઓની તપાસ કરવા માટે સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી એક પેનલ દ્વારા કરવામાં આવેલા દેશવ્યાપી સર્વેક્ષણમાં આ માહિતી સામે આવી છે.

PTI દ્વારા મેળવવામાં આવેલા આ સર્વેક્ષણના તારણો નેશનલ ટાસ્ક ફોર્સ(NTF)ના અંતિમ અહેવાલનો ભાગ બનવાની અપેક્ષા છે. ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની માનસિક સ્વાસ્થ્ય ચિંતાઓને દૂર કરવા અને આત્મહત્યા અટકાવવા માટે રચાયેલી આ ટાસ્ક ફોર્સ ૩૧ ઓક્ટોબર સુધીમાં પોતાનો રિપોર્ટ સોંપે તેવી શક્યતા છે. IIT દિલ્હી અને બોમ્બેમાં બે વિદ્યાર્થીઓના મોત બાદ સર્જાયેલા વ્યાપક આક્રોશ અને વિદ્યાર્થીઓની આત્મહત્યા અંગે ફરી શરૂ થયેલી ચર્ચાના સંદર્ભમાં આ સર્વેક્ષણના તારણો મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટ દ્વારા નિમાયેલી પેનલે આ વર્ષની શરૂઆતમાં એક વચગાળાનો અહેવાલ સુપરત કર્યો હતો.

જેમાં નોંધવામાં આવ્યું હતું કે વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણનો અનુભવ "ઊંડે સુધી મૂળ ધરાવતા સામાજિક ભેદભાવ; મેડિકલ અને એન્જિનિયરિંગ કોલેજોમાં વ્યાપક જાતીય સતામણી; શૈક્ષણિક સહાય, હોસ્ટેલ કરફ્યુ અને મોરલ પોલીસિંગના સંદર્ભમાં મેડિકલ, લો અને રાજ્યની યુનિવર્સિટીઓમાં ફેકલ્ટી દ્વારા કરવામાં આવતો લિંગ ભેદભાવ; NEET-UG અને JEE રેન્ક દ્વારા જાતિગત ઓળખ; પ્રવેશ, ગ્રેડિંગ, ભાષાકીય તફાવત અને જાતિ આધારિત અપમાન અને ભેદભાવ"થી ભરેલો જોવા મળ્યો છે. NTF દ્વારા હાથ ધરવામાં આવેલા આ સર્વેક્ષણમાં ૨.૪૩ લાખથી વધુ વિદ્યાર્થીઓના જવાબો મળ્યા હતા, જેમાંથી ૬૭ ટકા વિદ્યાર્થીઓ SC, ST અને OBC કેટેગરીના હતા. જેમાંથી લગભગ ૩૪ ટકા વિદ્યાર્થીઓએ કેમ્પસમાં વધતા-ઓછા અંશે પોતે ઉપેક્ષિત કે અળગા હોવાનો અનુભવ કર્યાનું જણાવ્યું હતું.